**જન્મદિને વધામણી**



જયેન્દ્રસિંહ એલ રાણા
ટ્રસ્ટી, શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ



મીનાક્ષી જયસિંઘાની
સેકન્ડ વાઈસ પ્રેસીડન્ટ લાયોનેસ ક્લબ

# બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળામાં રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨
સૅક્ટર-૨૮ ખાતે સ્થિત બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક સાળામાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

રમતોત્સવ અંતર્ગત સંગીત ખુરશી, લોટમાંથી ચોકલેટ શોધવી, ૫૦ મીટર દોડ, ૧૦૦ મીટર દોડ, ત્રિપગી દોડ, આંધળાનો ગોળીબાર, લીંબુ ચમચી, ચાંદલા ચોંટાડવા, દોરડા કૂદ, ૨૦૦ મીટર દોડ, સ્લો સાયકલિંગ, કોથળા દોડ, પોટ બેલેન્સ, લાંબી કૂદ, ગોળા ફેંક જેવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્લો સાઈકલિંગમાં ધોરણ-૬થી ૮ના વિભાગમાં ક્રિશ પટેલ, ગોળા ફેંકમાં બરખા સોની, કોથળા દોડમાં યશ પરમાર, લાંબી કૂદમાં વિષ્ણુરાજ ગોહિલ, પોટ બેલેન્સમાં પૂનમ ડાભી, ૨૦૦ મીટર દોડમાં બરખા સોની, ચિરાગ ઉપાધ્યાય, ધોરણ-૩થી ૫ના ગૃપમાં ૧૦૦ મીટર દોડમાં નિકીતા વાઘેલા, લીંબુ ચમચીમાં પ્રીતિ બારીયા, દોરડા કૂદમાં દિશા ચૌહાણ, ચાંદલા ચોંટાડવામાં મેઘના પ્રજાપતિ, આંધળાના ગોળીબારમાં કિશન ડાભી, ત્રિપગી દોડમાં ઓમ તૈલી, કરણ મકવાણા, સંગીત ખુરશીમાં જય બાવરવા, ૧૦૦ મીટર દોડમાં સાર્થક નિનામા, ધોરણ-૧ અને ૨ના વિભાગમાં સંગીત ખુરશીમાં ધર્મેશ પટેલ, લોટમાંથી ચોકલેટ શોધવામાં હિતેશ પટણી, દોડમાં યશરાજ ઝાલા, બૂક બેલેન્સમાં ખુશી માળી, દડી ફેંકમાં ધારા પરમાર તથા દોડમાં ભૂમિ વાઘેલા વિજેતા બન્યાં હતાં.

શાળાનાં આચાર્યા રીટાબેન બિહોલા તથા સ્ટાફમિત્રોએ વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર શાળા પરિવારે જહેમત ઊઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# આંગણવાડીનાં બાળકોને કિટનું વિતરણ





પેથાપુર ખાતે સ્થિત આંગણવાડીનાં ૪૦ જેટલાં બાળકોને પ્રદ્યુમનસિંહ વાઘેલા તથા તેમના ગૃપ દ્વારા વૉટર બેગ, લંચ બૉક્સ સહિત બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આંગણવાડીનાં સંચાલિકા કૈલાસબેન, અર્જુનસિંહ ચાવડા, ગૃપના સભ્ય કલ્પેશ પટેલ, રાજુભાઈ મહેતા, દિગંત કાપડિયા, પરિમલભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મનગમતી ભેટ મેળવીને ભૂલકાઓ ખુશખુશાલ થઈ ગયાં હતાં.

## શ્રી સરસ્વતી શિશુ વાટિકા અને શ્રી સરસ્વતી વિદ્યામંદિર દ્વારા

# ભૂલકાઓ માટે વિદ્યારંભ સંસ્કારનું આયોજન કરાયું





ગાંધીનગર, તા. ૨૨
વિદ્યાભારતી પ્રશિક્ષણ સંચાલિત શ્રી સરસ્વતી શિશુ વાટિકા અને શ્રી સરસ્વતી વિદ્યામંદિર દ્વારા વિદ્યારંભ સંસ્કારનું આયોજન માગશર સુદ પાંચમના રોજ કરવામાં આવ્યું હતું.

શિશુ વાટિકાનાં ભૂલકાઓને શ્રવણ, કથન અને લેખન દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. બાળકોની નિશ્ચિત ઉંમરે એટલે કે ૪ વર્ષ ૪ માસ અને ૪ દિવસ પછી લેખનકાર્યની શરૂઆત કરવામાં આવે છે. આ સંસ્કારમાં મંદિરેથી ગ્રંથોની પૂજા કરી બાળકોની માતા ગ્રંથોને મસ્તક પર ધારણ કરી તથા બાળકો ગ્રંથોને કાવડમાં મૂકી વિદ્યાલય લાવે છે, જ્યાં બાળકો દ્વારા પોતાની પ્રથમ ગુરુ એવી પોતાની માતાઓનાં પગ ધોઈ તિલકથી સ્વાગત કરવામાં આવે છે. ત્યારબાદ ગાયત્રી યજ્ઞ અને સરસ્વતી માતાને આહુતિ આપી માતા દ્વારા પાટીમાં 'ઓમ' અને 'શ્રી' ઘુંટાવી લેખનકાર્યનો પ્રારંભ કરાવવામાં આવે છે.

આ સમગ્ર કાર્યવિધિ વાટિકા અને વિદ્યામંદિર ખાતે આયોજિત કરવામાં આવી હતી, જેમાં બાળકો અને તેમની માતાઓએ ભાવપૂર્વક ભાગ લીધો હતો.

# સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે શ્વસન અંગેનો કાર્યક્રમ શુક્રવારથી સૅક્ટર-૧૨માં

ગાંધીનગર, તા. ૨૨
પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ લયબધ્ધ શ્વસન દ્વારા શારીરિક, માનસિક, આધ્યાત્મિક સંપૂર્ણ સ્વાસ્થ્યનો દર માસના છેલ્લા શુક્ર, શનિ, રવિ દરમ્યાન નિયમિતપણે યોજાતો નિઃશુલ્ક કાર્યક્રમ તા. ૨૫થી ૨૭ ડિસેમ્બર દરમ્યાન બલરામ મંદિર બેઝમૅન્ટ હોલ, સૅક્ટર-૧૨ ખાતે યોજવામાં આવ્યો છે, જેનો લાભ લેવા નગરજનોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ડૅમોક્રેટિક પીપલ્સ ઍસોસિએશન ગુજરાતનો સ્નેહ મિલન-વરિષ્ઠોના સન્માનનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨
ડૅમોક્રેટિક પીપલ્સ ઍસોસિએશન ગુજરાતનો સ્નેહ મિલન અને વરિષ્ઠ સભ્યોના સન્માનનો કાર્યક્રમ ભાનુકાન્ત પી પરમારના અધ્યક્ષ સ્થાને રામજી મંદિર, સૅક્ટર-૩ ડીના પરિસર ખાતે યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત રમણલાલ શ્રીમાળી દ્વારા પ્રાર્થના અને મૂળજીભાઈ પરમાર દ્વારા 'ભારત રત્ન' ડૉ. બાબાસાહેબ આંબેડકરની સ્તુતિ વંદનાથી કરવામાં આવી હતી. અધ્યક્ષ અને મહાનુભાવો દ્વારા ડૉ. બાબાસાહેબને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

અધ્યક્ષસ્થાનેથી બોલતાં ભાનુકાન્ત પરમારે સભ્યોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી, સ્વાગત કરી સંસ્થાનાં કાર્યોની ઝાંખી કરાવી. ત્યારબાદ કાર્યકારી પ્રમુખ ડૉ. જગદીપ વાઘેલા દ્વારા અધ્યક્ષનું પુષ્પગુચ્છનું સ્વાગત કરવામાં આવ્યું અને સન્માનનીય વરિષ્ટ સભ્યોનું સોમાભાઈ પરમાર અને પી જે રાઠોડ દ્વારા પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. કાર્યકારી પ્રમુખ ડૉ. જગદીપ વાઘેલાનું પુષ્પગુચ્છથી મંત્રી જે સી પરમાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

સન્માનિત વયસ્કો કે બી મકવાણા, દિનેશચંદ્ર યુ પરમાર, અજીત મકવામા તથા મોહનલાલ સિનોલ દ્વારા પ્રતિભાવમાં સંસ્થાનાં કાર્યોની સરાહના કરીને જણાવાયું હતું કે ગાંધીનગરમાં આ એક એવી સંસ્થા છે કે જે દલિતના પાયાના પ્રશ્નોને છેલ્લા પંદર વર્ષથી વાચા આપે છે. એન એમ જાદવ, કનુભાઈ બી મહેરિયા, જીવણલાલ ટી સિંધવ અને મગનભાઈ પરમાર દ્વારા પ્રસંગોચિત સમાજોત્કર્ષનાં સૂચનો કરવામાં આવ્યાં.

આભારવિધિ સંગઠન મંત્રી વીરચંદભાઈ પરમાર દ્વારા કરવામાં આવી, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહામંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.






સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ચરેડી છાપરા ખાતે ગરીબ પરિવારનાં બાળકોને ગરમ શાલ, સ્વેટર, જૅકેટ તેમજ અન્ય કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધોરણ-૭ના આ વિદ્યાર્થીઓએ ગરીબ બાળકોને ગરમ કપડાંનું વિતરણ કર્યા બાદ બલરામ મંદિર ખાતે આયોજિત પુસ્તક મેળાની મુલાકાત લઈ પુસ્તકોની ખરીદી કરી હતી, સાથોસાથ તેમણે સૅક્ટર-૨૧ પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ પોલીસ સ્ટેશની કાર્યવિધિ અંગે વિશદ્ માહિતી પ્રાપ્ત કરી હતી.

# દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે વાર્ષિક રમતોત્સવ યોજાયો







દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા વાર્ષિક રમતોત્સવનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું, જેના ઉદ્ઘાટન પ્રસંગે આઈટીઆઈ ગાંધીનગરના ફિઝિકલ ઍજ્યુકેશન વિભાગના ડિરેક્ટર ડૉ. મનુપ્રતાપસિંહ ભદોરિયા તથા 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના સ્પૉર્ટ્સ ઍડીટર અજીત બેઝબારુહ ઉપસ્થિત રહ્યા હતા.

બિ દિવસીય આ રમતોત્સવ અંતર્ગત શાળાના ૧૧ ૩૫થી વધુ વિદ્યાર્થીઓએ દોડ, શૉટપૂટ, લૉંગ જમ્પ, ટગ ઑફ વૉર, કબડ્ડી, ડૉજબૉલ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

શાળાનાં આચાર્યા રાની ચૌધરીએ મશાલ પ્રગટાવી આ રમતોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

# સૅક્ટર-૨૭ સ્વસ્તિક સોસાયટીનું સ્નેહમિલન - વડીલ વંદના કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૨
સ્વસ્તિક સોસાયટી, સૅક્ટર-૨૭નું સ્નેહ મિલન તથા વડીલ વંદના કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.


આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે સરકારી વકીલ હિતેશ રાવલ, ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હિનાબેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાનાં કૉર્પોરેટર જાગૃતિબેન પુરોહિત, અતિથિ વિશેષ પદે મુકેશભાઈ ચૌધરી, ડૉ. દિનકરભાઈ ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા. સભાના પ્રમુખ સ્થાને રામનિવાસ શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર સોસાયટીના રહેવાસીઓએ કાર્યક્રમને કાઠિયાવાડી ભોજનની રંગત સાથે માણ્યો હતો. સોસાયટીના પ્રમુખ કે પી પરમાર, પ્રૉજેક્ટ કન્વીનર ગોરધનભાઈ પટેલ તથા સમગ્ર કારોબારી ટીમે કાર્યક્રમની સફળતા માટે જહેમત ઊઠાવી હતી.

કાર્યક્રમ અંતર્ગત ૭૫ વર્ષથી વધુની વય ધરાવતા પચીસ વડીલોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉપ પ્રમુખ રાજુભાઈ રાજગોરે કર્યું હતું, આભારવિધિ અમૃતભાઈ સોનીએ કરી હતી.

# બંધારણમાં રહેલી ખામીઓ સુધારવી જોઈએ






**વાચકોની કોલમ**
- પ્રો. ડો. અંબાલાલ પ્રજાપતિ

૧૯૪૯ની ૨૬મી નવેમ્બરે દેશનું બંધારણ અપનાવાયું તે નિમિત્તે સંસદનાં બંને ગૃહોમાં બે દિવસનું ખાસ ચર્ચાસત્ર યોજાયું હતું. તે વખતે દેશમાં 'અસહિષ્ણુતા' વિશેનો માહોલ ગરમ હતો. દેશના મુખ્ય પ્રધાને 'સૅક્યુલર' શબ્દના અર્થઘટન વિશે પ્રકાશ પાડતાં કહ્યું હતું કે 'સૅક્યુલર' એટલે ધર્મનિરપેક્ષ નહીં પણ પંથનિરપેક્ષ. ત્યારે વિરોધ પક્ષના કોંગ્રેસના નેતાએ કહ્યું કે બંધારણ બદલવામાં આવશે તો રક્તપાત થશે. દેશના વડાપ્રધાને વાતાવરણ ડહોળાય નહીં તેવા આશયથી બંધારણની પુનર્સમીક્ષા નહીં કરવાની ખાતરી આપી. આ બધામાં પક્ષાપક્ષીથી પર રહીને કોઈ તટસ્થ વિચાર થયો હોય એવું લાગ્યું નહીં.

કોઈપણ બાબત ગમે તેટલી સારી હોય તો પણ તે પ્રાચીન થાય ત્યારે રિનોવેશનની જરૂર પડે છે. બંધારણે અડધી સદી વટાવી હોય અને સો જેટલા સુધારા તેમાં કરવા પડ્યા હોય ત્યારે તેની પુનઃ સમીક્ષા થવી જોઈએ. બંધારણની પુનઃ સમીક્ષાનો વિરોધ કરનારાઓએ મહાત્મા ગાંધીના વિચારો સ્મરણમાં રાખવા જોઈએ. તેમણે બધા ધર્મોની સમીક્ષા કરતાં કહ્યું હતું કે બધા ધર્મો ઈશ્વરદત્ત હોવા છતાં મનુષ્યે તેનાં અર્થઘટનો કરેલાં હોવાથી તેમાં અપૂર્ણતા તો રહેવાની જ. અને જ્યાં અપૂર્ણતા હોય ત્યાં સુધારણા કે પુનઃ સમીક્ષાનો અવકાશ રહેવાનો. તેમ કરવાથી આગળ વધાય છે, પ્રગતિ થાય છે. બંધારણ પણ એક ધર્મ જ છે. ૨૦૧૬માં બંધારણને ૬૭ વર્ષ પૂર્ણ થશે. ત્યારે બંધારણમાં સુધારાઓ કરવાને બદલે દેશની આશા-આકાંક્ષાઓને કેન્દ્રમાં રાખી દેશના બંધારણની પુનર્વિચારણા થાય તે અતિ આવશ્યક છે.

બંધારણમાં કેટલાક વિદેશી ભાષાના શબ્દોનો પ્રયોગ થયો છે, તે દેશની ભાવના સાથે સુસંગત નથી. તેથી ઘણો અનર્થ થયો છે. આવો એક શબ્દ છે 'સૅક્યુલર'. ઑક્સફર્ડ ડિક્શનરી પ્રમાણે તેનો અર્થ છે 'નૉનરિલિજિયન'. એટલે હિન્દીમાં તેનું ભાષાંતર થયું 'ધર્મનિરપેક્ષ'. એટલે કે ધર્મની અપેક્ષા વિનાનો. જો કોઈ દેશમાંથી ધર્મને દેશવટો આપવામાં આવે તો તે દેશની શું દશા થાય ? દેશમાં ભણેલા-ગણેલા પશુઓ જ તૈયાર થાય. ધર્મ કે વિવેક જ મનુષ્યને પશુથી જુદો પાડે છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ ચારેય વાતો મનુષ્ય અને પશુમાં સમાન છે. પણ મનુષ્યમાં એક વિશેષતા એ છે કે તેનામાં ધર્મ કે વિવેક છે અને આ ધર્મ કે વિવેકથી જ તે મનુષ્ય કહેવાય છે. આપણને કેવું બંધારણ જોઈએ ? માણસને દેવ બનાવનારું કે માણસને પશુ બનાવનારું ? આપણો દેશ કે સંસ્કૃતિ તો સમગ્ર વિશ્વને આર્ય બનાવવાની વાત કરે છે. ધર્મ એ ઉત્તમ જીવન જીવવાની પધ્ધતિ છે, જે નરમાંથી નારાયણ્ ને નારીમાંથી નારાયણીનું સર્જન કરે છે.

નીતિ નિરપેક્ષ શબ્દથી પણ આવો જ અનર્થ થયો છે. તેથી જ કદાચ દેશમાં અધર્મ અને અનીતિનું ચલણ વધ્યું હોય !

અંગ્રેજી ભાષાનો બીજો એક શબ્દ 'સોશિયાલિઝમ' છે, જેનો અનુવાદ 'સમાજવાદ' કરાયો છે. હકીકતે યુરોપમાં આ સમાજવાદ મૂળ તો મૂડીવાદ કે વ્યક્તિવાદના વિરોધમાંથી ઉત્પન્ન થયો છે, જે દેશ કે સંસ્કૃતિની ભાવના સાથે સુસંગત નથી. આપણી સંસ્કૃતિ સમરસતા અને સમન્વયમાં માનનારી છે, તેમાં વ્યક્તિ કે સમાજ એકબીજાના વિરોધી નથી, પણ પરસ્પર પૂરક છે.

બંધારણના આમુખમાં ભારતનો જે રીતે પરિચય અપાયો છે તે પણ ક્ષોભજનક છે. 'ઈન્ડિયા ધેટ ઈઝ ભારત.' ઈન્ડિયામાંથી ભારત થયું હોય એવો ભ્રમ જાગે છે. પોતાના દેશનો પરિચય પરદેશી ભાષા દ્વારા અપાયો છે, તેમાં આત્મીયતા ક્યાંથી આવે ? આવી સંદિગ્ધ, ક્ષોભજનક અને આત્મીયતા રહિત બાબતોની પુનઃ સમીક્ષા થવી જોઈએ.

આ ઉપરાંત પ્રજાને કેટલાક મૂળભૂત અધિકારો આપ્યા છે, તે વરદાનરૂપ બનવાને બદલે શાપરૂપ બન્યા હોય એમ લાગે છે. દા.ત. વાણી સ્વાતંત્ર્યનો અધિકાર. આને કારણે કેટલાક સંકુચિત અને સ્વાર્થી લોકો ધર્મ, જાતિ કે રાષ્ટ્ર વિશે બેફામ ઉચ્ચારણો કરે છે અને દેશની એકતા થતા અખંડિતતા સામે જોખમ ઊભું કરે છે. માણસ પોતાના અધિકારો પ્રત્યે જાગૃત છે પરંતુ પોતાની ફરજો પ્રત્યે બેજવાબદાર છે.

બંધારણા ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહ્યું છે, 'બંધારણ ગમે તેટલું ઉત્તમ હોય તો પણ તેનો અમલ કરનારાઓમાં ખોટ હોય તો અપેક્ષિત પરિણામ આપી શકતું નથી.' તેમ છતાં બંધારણમાં રહેલી ખામીઓ સુધારવી જોઈએ, તેની સમીક્ષા કરવી જોઈએ.

# વિકાસ પીડિયા ગુજરાત પહેલ અંતર્ગત જિલ્લા સ્તરની કાર્યશાળા

ગાંધીનગર, તા. ૨૨
વિકાસ પીડિયાના ઉપયોગ અર્થે એક કાર્યશાળાનું આયોજન ઉદ્ગમ ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

ઈન્ડિયન ડેવલપમૅન્ટ ગેટ-વે ઈલેક્ટ્રૉનિક્સ અને આઈટી વિભાગ, ભારત સરકારની વિવિધ ભાષામાં આઈટીસી પહેલ એટલે વિકાસ પીડિયા પોર્ટલ, જે અંતર્ગત વિવિધ સંસ્થાઓની દરેક પ્રવૃત્તિઓને ટેકનોલોજીની વાચા આપવા સી-ડેક, હૈદરાબાદ દ્વારા પહેલ કરવામાં આવી છે. વિકાસ પીડિયા પોર્ટલ ઈન્ફર્મેશન અને ટેકનોલોજીના વપરાશ દ્વારા વિકાસને લગતા ક્ષેત્રોમાં સરકાર સ્વૈચ્છિક સંસ્થાઓ અને વંચિત સમુદાયોની વચ્ચે માહિતીના આદાન પ્રદાન માટે મંચ પૂરું પાડે છે. વિકાસ પીડિયા પોર્ટલનો ઉપયોગ ખૂબ જ સરળ છે અને તેના ઉપયોગ માટે એક કાર્યશાળાનું આયોજન બુધવાર, તા. ૨૩ ડિસેમ્બરના રોજ સવારે ૧૧ કલાકે યુથ હૉસ્ટેલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.



ભારતીય તટરક્ષક દળના ગાંધીનગર ખાતે કાર્યરત ઉત્તર-પશ્ચિમ વિભાગના આઈસીજીએસના મુખ્ય મથક ખાતે રાષ્ટ્રીય ઊર્જા દિવસની ઉજવણી નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડના પૂર્વ જનસંપર્ક અધિકારી નરેશ ઠાકર દ્વારા પ્રસંગોચિત માહિતી પ્રસ્તુત કરવામાં આવી હતી.